ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧-૨૦૧૨, શનિવાર

**તંત્રી સ્થાનેથી.....**

# ગુમાવેલો જનાધાર અંકે કરવાની મથામણ

જયપુર ખાતે ત્રણ દિવસની ચિંતન શિબિર યોજીને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એની 'દશા અને દિશા' વિશે પુનર્વિચારણા કરી રહી છે ત્યારે દેશના વર્તમાન અને ભવિષ્ય સંદર્ભે એની ભૂમિકા પ્રત્યે સૌનું ધ્યાન ખેંચાય તે સ્વાભાવિક છે. ૧૮૮૫ની ૨૮ ડિસેમ્બરે હ્યુમ નામના અંગ્રેજ સજ્જન દ્વારા શરૂ કરાયેલી કોંગ્રેસનું સ્વરૂપ સમયાંતરે બદલાતું રહ્યું છે. કોંગ્રેસની શરૂઆત પ્રબુધ્ધ હિન્દુસ્તાન પ્રેમી સદ્‌ગૃહસ્થોની એક કલબ તરીકે થઇ હતી. એનું પ્રારંભિક સ્વરૂપ એક વિચારમંચથી વિશેષ નહોતું. બ્રિટીશ સરકાર સાથે સાર્થક વાતચીત દ્વારા દેશી પ્રજાના પ્રશ્નો અંગે સહાનુભૂતિ અને સંવાદ ભર્યું વાતાવરણ સર્જવાનો જ એનો ઉદ્દેશ હતો. કાળક્રમે કોંગ્રેસે ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું. એને લોકમાન્ય બાળ ગંગાધર ટિળક અને ગોપાલકૃષ્ણ ગોખલે જેવા રાષ્ટ્રવાદી વિદ્વાનોનું નેતૃત્વ સાંપડ્યું. સ્વાભાવિક રીતે જ એમાં મવાળ અને જહાલ જેવાં જૂથો ઊભાં થયાં. મહાત્મા ગાંધી મૂળે મવાળ જૂથનાં અગ્રણી એવા ગોખલેના અનુયાયી તરીકે કોંગ્રેસની ચળવળમાં સક્રિય થયા હતા. રાજકારણમાં પ્રવેશતાં અગાઉ ગુરૂ ગોખલેની સલાહ મુજબ પૂરેપૂરૂં એક વર્ષ એમણે ભારત-ભ્રમણ કર્યું હતું. ગાંધીજીના નેતૃત્વ કરતાં કરતાં મહાત્મા ગાંધી એમની પ્રિય રચનાત્મક પ્રવૃત્તિઓ - બુનિયાદી કેળવણી, દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા 'સત્યના પ્રયોગો'માં ગળાબૂડ રહેતા હતા. એમણે અહિંસક સત્યાગ્રહ અને અસહકારના નવા વિચારો આપી કોંગ્રેસને એક આભ ઊંચી રાજકીય પાર્ટી તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી. ગાંધીજી કોંગ્રેસ પ્રમુખ હોય કે ન હોય પરંતુ જીવ્યા ત્યાં સુધી એ કોંગ્રેસના કુલમુખત્યાર સર્વમાન્ય સર્વોચ્ચ 'સુપ્રીમો' રહ્યાં. એમની જીદને કારણે સુભાષ બાબુ જેવા રાષ્ટ્રભક્તને કોંગ્રેસ છોડવી પડેલી તે પણ એક ઐતિહાસિક હકીકત છે. આઝાદી મળતાંની સાથે કોંગ્રેસનું અંતિમ ધ્યેય પૂરૂં થઇ ગયું એમ માનનારા ગાંધીજીએ કોંગ્રેસને વિખેરી નાખવાની વાત કરી તે એમનાં પ્રખર અનુયાયી એવાં પં.જવાહરલાલ નહેરૂ કે સરદાર પટેલે પણ માન્ય નહોતી રાખી. દેશનાં ભાગલા અને તે પછી ગાંધી હત્યા બાદ કોંગ્રેસનું સ્વરૂપ બદલાતું ચાલ્યું. કયારેક 'હિંદુ પાર્ટી'નું અણગમતું લેબલ ધરાવતાં પક્ષનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ વિશેષ ઉજાગર થતું ગયું. નહેરૂનું કરિશ્માઇ નેતૃત્વ એને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહાન સંગઠન તરીકે મહિમાવંતી કરતું રહ્યું. એ પછીના ઇંદિરા શાસન દરમિયાન કોંગ્રેસને એક પછી એક ઘણા આંચકા ખમવા પડ્યા છે. મોરારજી દેસાઇ જેવા વરિષ્ઠ નેતાઓને કોંગ્રેસથી અલગ થઇ જુદો ચૉકો માંડવો પડ્યો. કટોકટી એ કોંગ્રેસ શાસનનું સૌથી મોટું કલંક પર્વ હતું. કટોકટીની સજા લેખે દેશની પ્રજાએ કોંગ્રેસને નેસ્તનાબૂદ કરી દીધી હતી. પરંતુ કોંગ્રેસમાં પેલા દંતકથાના દેવહુમા પક્ષીની જેમ રાખમાંથી પુરર્જીવિત થવાની ક્ષમતા છે. ઇંદિરા ગાંધીના 'ગરીબી હટાઓ' નારાએ જાદુઇ અસર ઊભી કરી હતી તો વળી પાકિસ્તાનની પૂર્વ પાંખને તોડી નાખીને ઇંદિરા ગાંધીએ હિંદુસ્તાનની તાકાતનો દુનિયાને પરચો પૂરો પાડ્યો હતો. રાજીવ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે ઐતિહાસિક સંચારક્રાંતિ કરી બતાવી પરંતુ એમને બોફોર્સકાંડ નડ્યો. રાજીવ ગાંધીની હત્યા પછી વિચક્ષણ રાજપુરૂષ પી.વી. નરસિંહરાવે કેન્દ્રમાં લઘુમતી પડદા પાછળનાં સુપ્રીમો તરીકે છેલ્લાં નવ વરસથી રાજ કરી રહ્યાં છે અને હવે જયારે રાહુલ ગાંધીના રાજયાભિષેકનું મુહૂર્ત હાથવેંતમાં છે ત્યારે દેશ સામે કેટકેટલી સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે! ઓછામાં પૂરૂં પાકિસ્તાન અવળચંડાઇ કરવા લાગ્યું છે. મોંઘવારી, આતંકવાદ અને વિરોધ પ્રકારની આંતરિક સમસ્યાઓ સામે ઝઝૂમતી કોંગ્રેસને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મળેલા જડબેસલાક જવાબની કળ હજી વળી નથી ત્યાં ૨૦૧૪ની ચૂંટણીનાં પડઘમ વાગવા લાગ્યાં છે. 'યુપીએ' ના સાથી પક્ષો પૈકી શરદ પવાર જેવા સાથીદાર કયારે પાટલી બદલે તે નક્કી નથી. મમતા બેનરજીએ જુદો ચૉકો માંડ્યો છે અને મુલાયમસિંહ ત્રીજો મોરચો માંડવા ટાંપીને બેઠા છે. આ બધી પળોજણો વચ્ચે કોંગ્રેસે રેતીમાં વહાણ હંકારીને ૨૦૧૪માં ફરી સત્તા મેળવવા કમર કસી છે. હવે ચૂંટણીલક્ષી બજેટ આપીને તથા પાડોશી સામે કડક હાથે કામ લઇને પ્રજાનો ડગી ગયેલો વિશ્વાસ અંકે કરવા સિવાય આરો કે ઓવારો નથી. જયપુરની ચિંતન બેઠકમાં ૨૦૧૪ની જ બ્લુ પ્રિંટ તૈયાર થઇ રહી છે, જેનો આગામી દિવસોમાં આપણે સૌને અણસાર મળી રહેવાનો છે. કોંગ્રેસ પાસે રાહુલ ગાંધી ઉપરાંત પી. ચિદમ્બરમ્ જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વરિષ્ઠ અગ્રણીનું નેતૃત્વ છે. એ સંજોગોમાં નવા સાથીદારો અને નવી કાર્યપ્રણાલી સાથે કોંગ્રેસે એનો ગુમાવેલો જનાધાર પાછો મેળવવાનો પ્રયાસ કરવોનો છે.

### ૧૨૦૦૦ વિદ્યાર્થીઓને સ્થળ પર પદવી અપાશે

# આજે જીટીયુનો બીજો ભવ્ય પદવીદાન સમારોહ યોજાશે

## વિવિધ વિદ્યાશાખાના ૩૫૦૦૦ વિદ્યાર્થીને ડિગ્રી અપાશે

## બાકીના વિદ્યાર્થીઓને કુરિયર દ્વારા પણ ડિગ્રી મોકલાશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીનો બીજો પદવીદાન સમારોહ શનિવારે યોજાશે. ચાંદખેડા સ્થિત જીટીયુના નવ નિર્મિત કેમ્પસમાં આ પદવીદાન સમારોહ અંતર્ગત વિવિધ વિદ્યાશાખાના ૩૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રીઓ એનાયત કરવામાં આવશે. જ્યારે બાકીના વિદ્યાર્તીઓને કુરિયર દ્વારા ડિગ્રીઓ વિદ્યાર્થીઓને મોકલી આપવામાં આવશે.

આ પદવીદાન સમારોહને સફળતા પૂર્વક પાર પાડવા માટે જીટીયુ દ્વારા ૫૦ જેટલા સભ્યોને આવરી લેતી ૧૩ કમિટીઓની રચના કરવામાં આવી છે. જે મુજબ જીટીયુની ઇન્વિટેશન, ડ્રેસકોડ, મેનેજમન્ટ, રિસેપ્શન, હોસ્પિટાલિટી મેનેટમેન્ટ, ડિસ્ટ્રિબ્યુશન ઓફ સર્ટિફિકેશન, મેડલ, પબ્લિક, સ્ટેજ, પ્રેસ, સ્પોસશન, ફાઇનાન્સ કમિટી સહિતની ૧૩ કમિટીઓ સમારોહને સફળ બનાવવા જહેમત ઉઠાવશે.

આ પદવીદાન સમારોહમાં મુખ્યમહેમાન પદે આર્મીનીક બ્રાંચ ગણાતી ઇએમઇના ડાયરેકટર જનરર એનબીસિંહ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચન આપશે. આ ઉપરાંત મહામહિમ રાજયપાલ, કમલા બેનિવાલ તથા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકર, આઇઆઇએમ અમદાવાદના બોર્ડના ચેરમેન એએન નાયક ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારોહમાં જીટીયુ દ્વારા લેવાયેલ બેચલર ઓફ એન્જિનિયરીંગ, બેચલર ઓફ ફાર્મસી, એમસીએ, એમબીએ, એમઇ, એમપાર્મ સહિતના વિદ્યાશાખાઓના ૩૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે.

જેમાંથી ૧૨૦૦૦ વિદ્યાર્થીઓને સ્થળ પર રૂબરૂમાં ડિગ્રી અપાશે જયારે બાકીના વિદ્યાર્થીઓને ડિગ્રી કુરિયર મારફતે મોકલી આપવામાં આવશે. જીટીયુ દ્વારા પદવીદાન સમારોહનું મોટાપાયે આયોજન કરવામાં આવ્યું હોવાથી તમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. જેથી કાર્યક્રમમાં કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે શુક્રવારે સેમિનાર સ્થળે કાર્યક્રમનું સફળ રિહર્સલ પણ કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત જીટીયુ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્તિત ન રહી શકનાર વિદ્યાર્થીઓ પણ કાર્યક્રમને નિહાલી શકે તે માટે યુટ્યુબ પર જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોંસ ફોર્સની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદના ગૃપ કમાન્ડર બ્રિગેડિયર એસ.એસ. ઈલાન્ગો તથા ૨ ગુજરાત એન.સી.સી. ગાંધીનગરના કર્નલ સંદીપસિંહના નેજા હેઠળ ગાંધીનગરની કચેરીના એન.સી.સી. કેડેટ્સ તથા કડી સર્વવિશ્વ વિદ્યાલયના બી.બી.એ. તથા એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોંસ ફોર્સની ૬ બટાલિયનની તાજેતરમાં મુલાકાત લીધી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બી.બી.એ., બી.સી.એ. અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોંસ ફોર્સની ૬ બટાલિયનની લીધેલી મુલાકાતમાં ૬૩૦ એન.સી.સી. કેડેટ્સ તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા અનેતેઓએ આપત્તિ દરમિયાન બટાલિયનના રોલ વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત તેઓએ બચાવ ઉપકરણો વિશે પણ માહિતી મેળવી હતી. પ્રાથમિક ઉપચાર, શ્વાન સ્કવોડ, ભૂકંપ, પૂર તથા રાસાયણિક આપત્તિ બચાવ માટેનું નિદર્શન પણ આ પ્રસંગે યોજવામાં આવ્યું હતું. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોંસ ફોર્સના કમાન્ડર દ્વારા એન.સી.સી. કેડેટ્સ તથા વિદ્યાર્થીઓને સંબોધવામાં આવ્યા હતા અને બટાલિયનના રોલ તથા આપત્તિ બચાવ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ગુર્જર ભારતી દ્વારા પરિસંવાદ યોજાયા

ગાંધીનગર, તા.૧૮

ગુર્જર ભારતી ગાંધીનગર તથા ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમીના ઉપક્રમે 'સમકાલીન હિન્દી, ગુજરાતી કવિતામાં યુગ સંદર્ભ' વિષય પર એક પરિસંવાદ કડી કેમ્પસની ફાર્મસી કોલેજના સભાખંડમાં આજે યોજાયો છે. જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષપદે યોજાયેલ આ પરિસંવાદમાં શ્રી હર્ષદ ત્રિવેદી, નામવરસિંહ સહિતના સાહિત્યકારો ઉપસ્થિત રહેનાર છે. રાષ્ટ્રીય સ્તરનો આ સેમિનાર છે. સંસ્થાની યાદીમાં જણાવ્યા મુજબ સવારે ૯.૦ કલાકે આ સેમિનારનો પ્રારંભ થશે.





આ લોકો પેટ્રોલ ડિઝલ સી.એન.જી.ના રેટ્સ જેવી રીતે વધારે છે તે જોતા એવું લાગે છે, આ લોકો ને આપણી પર રાજ કરવુ જ નથી... આમ ચાલશે તો આપણે તો જીવશું જ નહીં...

## ૩૫,૦૦૦ વિદ્યાર્થીને પદવી એનાયત કરાશે

**અમદાવાદ, તા.૧૮**

**શનિવારે ચાંદખેડા ખાતે યોજાનાર જીટીયુના બીજા પદવીદાન સમારોહમાં જીટીયુની રાજ્યભરમાં આવેલી ડિગ્રી ઇજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએ, એમઇ, એમપાર્મ સહિતની ૧૦૦ જેટલી બ્રાન્ચના ૩૫૦૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. જેમાંથી ૧૨૦૦૦ વિદ્યાર્થીઓ શનિવારે બપોરે ૧૨થી ત્રણ કલાક દરમિયાન યોજાનાર સેમિનારમાં રૂબરૂ ઉપસ્થિત રહી ડિગ્રી મેળવશે. ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી દ્વારા શનિવારે યોજાનાર બીજા પદવીદાન સેમિનારનું યુ ટ્યુબ ઉપર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે. જેથી પદવીદાન સમારોહમાં ઉપસ્થિત ન રહેનાર વિદ્યાર્થીઓ અને વાલીઓ આ કાર્યક્રમને ઘરે બેઠા નિહાળી શકે. આ પહેલા શુક્રવારે રિહર્સલ કાર્યક્રમનું પણ યુ ટ્યુબ ઉપર ટેલિકાસ્ટ કરાયુ હતુ.**

## એસ.એસ.પટેલ બી.એડ. કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલી એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓનો તાજેતરમાં બે દિવસનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓએ અંબાજી, આબુ વગેરે સ્થળોની મુલાકાત લઈ ધાર્મિક અને પ્રાકૃતિક દર્શન સાથે પ્રવાસની મજા માણી હતી.

એસ.એસ.પટેલ બી.એડ. કોલેજના ૫૪ તાલીમાર્થીઓ સાથે કોલેજ પરિવારના ડૉ. જિજ્ઞાસાબેન જોશી અને અધ્યાપકોએ તાજેતરમાં અંબાજી, તારંગા ટેમ્બલ, માઉન્ટ આબુમાં અર્બુદાદેવી, અચલેશ્વર, ગુરુ શિખર, ઓમ શાંતિભવન, પીસ ગાર્ડન તેમજ ઊંઝા વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રવાસને સફળ બનાવ્યો હતો. સમગ્ર પ્રવાસનું આયોજન પ્રા. એમ. ગોસ્વામીએ કર્યું હતું.

## શહેર વસાહત મહામંડળ દ્વારા ઠંડીમાં વિદ્યાર્થીઓને સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૮

અસહ્ય ઠંડીને ધ્યાને લઈને ગાંધીનગર વાસીઓના સહયોગથી અંતરિયાળ વિસ્તારમાં સાબરકાંટાના મોડાસા, મેઘરજ તાલુકાના છેવાડાના ગામની શાળાનાં બાળકોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સૈનિકોએ રૂબરૂમાં જદ હૂંફ પૂરી પાડવાનો અભિયાન હાથ ધરેલ હતો.

મોડાસામાં બહેરા-મુંગી શાળા, પોલીટેકનિકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મેઘરજ તાલુકાના ગરીબી રેખા નીચે જીવતા લોકોને છેલ્લા ૨૩ વર્ષથી ગરમ ધાબળા, વસ્ત્રો સદ્‌વિચાર પરિવારના સહયોગથી પહોંચાડવામાં આવે છે. અરૂણભાઈ બુચ, કુ. ચેતનાબેન બુચ, ચંદ્રકાંત જોષી, નિલેન્દુ વોરા, સુધીરભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, શશીકાન્ત મોઢા વગેરેએ ૧૨૬૦ જેટલાં વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. કેસાણા, ઉકરડી, વડથલી, હનુમાનકંપા, કુડા, રમાડ, મોટલી, વગેરે ગામોની શાળા તથા છાત્રાલયમાં મુલાકાત લીધી હતી. કુ. ચેતના બુચે વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરી વિવેકાનંદના જીવન વિષે માહિતી આપી હતી. ગાંધીનગરની મુલાકાત લેવા માટે આમંત્રણ આપેલ હતું.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ લેકાવાડાનું ગૌરવ

**ગાંધીનગર, તા. ૧૮**

**જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા આયોજિત અંડર-૧૨ના વિદ્યાર્થીઓની સ્કેટીંગ સ્પર્ધામાં ધોરણ-૭ના અક્ષય દિનેશભાઇ પટેલ પ્રથમ નંબર મેળવેલ છે. ઓમકાર ઇન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ વધારેલ છે. વિજેતા વિદ્યાર્થીને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.**

## પ્રાકૃતિક ઉદ્યાન ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લેતા સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં શાળાના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ઉદ્યાન ઈન્દ્રોડા પાર્કની બે દિવસ મુલાકાત લીધી હતી અને જીવવિજ્ઞાનના શૈક્ષણિક હેતુને ચરિતાર્થ કર્યો હતો.

સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પ્રાકૃતિક ઉદ્યાન ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. જીવ વિજ્ઞાનના શૈક્ષણિક હેતુના આશયથી લેવામાં આવેલી આ મુલાકાતમાં ધો-૧૧ (વિજ્ઞાનપ્રવાહ) 'બી' ગૃપના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રકૃતિ શિક્ષણ દરમિયાન તેમણે જુદી જુદી વનસ્પતિઓની સમજ મેળવી તેમની ઉપયોગીતા તેમજ ઔષધ તરીકેની ઉપયોગિતાથી વાકેફ બન્યા હતા. ૩૦ પ્રાણીઓની દેહરચના, વર્તણૂક તેમજ તેમના નિવાસની સમજ મેળવી હતી. આ ઉપરાંત વ્હેલના અંતઃકંકાલની રચના તેમજ પક્ષીગૃહની મુલાકાત લઈને સમજ મેળવી હતી. જીવવિજ્ઞાનના ચાર શિક્ષકોએ સાથે જ રહી બાળકોને જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર શૈક્ષણિક કાર્ય સંચાલન વિષ્ણુભાઈ એમ. પટેલ તથા નરેન્દ્રભાઈ એમ. પટેલે કર્યું હતું. તથા અલ્પાબેન ચૌહાણ પણ હાજર રહ્યા અને વિદ્યાર્થીનીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

# શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

### સામાન્ય જ્ઞાન કસોટી-૨

(૧) **"Come what may"** (કમ વૉટ મે) એ સૂત્ર કતા મહાપુરૂષે આપ્યું હતું?
(ક) મોરારજી દેસાઇ
(ખ) મહાત્મા ગાંધીજી
(ગ) સ્વામી વિવેકાનંદ
(ઘ) લાલબહાદુર શાસ્ત્રી

(૨) કયા મહર્ષિનું નામ 'રત્નાકર' હતું?
(ક) નારદ (ખ) યાજ્ઞવલ્કય
(ગ) વાલ્મિકી (ઘ) દયાનંદ

(૩) 'તમે મને મારી માતાઓ આપો, હું તમને સારૂં રાષ્ટ્ર આપીશ.' આ વિધાન નીચેનામાંથી કોનું છે?
(ક) નૅપૉલિયન (ખ) સુભાષચંદ્ર બોઝ
(ગ) રવીન્દ્રનાથ ટાગોર (ઘ) હિટલર

(૪) નીચેનામાંથી 'ભૂમિતિના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે?
(ક) પાયથાગોરસ (ખ) યુકિલિડ
(ગ) કયુગોરસ (ઘ) એલેકઝાન્ડર

(૫) હિન્દુ ધર્મનું મહાન પુસ્તક 'ભગવદ્ ગીતા' ના શ્લોકોની સંખ્યા કેટલી છે?
(ક) ૪૩૨ (ખ) ૬૩૨
(ગ) ૭૦૦ (ઘ) ૯૦૦

(૬) નીચેનામાંથી કોણ ભારતીય બંધારણની ડ્રાફટીંગ સમિતિના સભ્ય ન હતા?
(ક) ડૉ. બી.આર. આંબેડકર
(ખ) એન. ગોપાલસ્વામી આયંગર
(ગ) અલાડી ક્રિષ્નાસ્વામી
(ઘ) સરદાર પટેલ

(૭) પ્રપિતામહ કોને કહેવાય?
(ક) માતાના પિતાના પિતાને
(ખ) પિતાજીના પિતાને
(ગ) માતાના પિતાને
(ઘ) પિતાજીના પિતાના પિતાને

(૮) કેટલીક વ્યક્તિઓની જન્મતારીખમોમાં કઇ જન્મતારીખ સાચી ન હોઇ શકે?
(ક) ૧૬/૦૬/૧૯૭૮ (ખ) ૨૮/૦૨/૧૯૮૦
(ગ) ૨૬/૦૩/૧૯૫૩ (ઘ) ૩૧/૧૧/૧૯૯૯

(૯) નૈઋત્વ ખૂણો કઇ બે દિશાઓની વચ્ચે આવેલો છે?
(ક) દક્ષિણ અને પશ્ચિમ (ખ) દક્ષિણ અને પૂર્વ
(ગ) ઉત્તર અને પશ્ચિમ (ઘ) ઉત્તર અને પૂર્વ

(૧૦) ટેમ્પલ્ટન એવોર્ડ વિશ્વમાં કયા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપવામાં આવે છે?
(ક) વિજ્ઞાન ક્ષેત્રે સંશોધન (ખ) કૃષિક્ષેત્રે સંશોધન
(ગ) ધર્મ અને તત્ત્વચિંતન (ઘ) સામાજિક સેવાઓના ક્ષેત્રે

(૧૧) બુકર પ્રાઇઝ કયા વિષયમાં નોંધપાત્ર સિધ્ધિ માટે અપાય છે?
(ક) સાહિત્ય સર્જન (ખ) ફિલ્મક્ષેત્રે પ્રદાન
(ગ) વિજ્ઞાન સંશોધન (ઘ) કૃષિ સંશોધન

(૧૨) નીચેનામાંથી કયા મહાનુભાવને 'ભારત રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં નથી?
(ક) લાલબહાદુર શાસ્ત્રી (ખ) ઈન્દિરા ગાંધી
(ગ) ડૉ. અબ્દુલ કલામ (ઘ) અટલબિહારી બાજપાઇ

(૧૩) 'કાસ્ટીંગ વોટ' એટલે કેવા પ્રકારનો મત?
(ક) જે એક મતથી સત્તાપલટો થઇ શકે
(ખ) બે પક્ષે સરખું મતદાન થતાં પ્રમુખે આપવાનો મત
(ગ) જે એક મતથી સત્તાનું પલ્લું નમે તે મત
(ઘ) બે પક્ષે સરખા મત તથાં ચિઠ્ઠીથી થતો નિર્ણય

(૧૪) દેશમાંના ભાવો કરતાંયે ઓછા ભાવે વિદેશમાં વસ્તુનું વેચાણ કરવું પડે તેવી સ્થિતિને શું કહે છે?
(ક) ટેરિફ (ખ) ફુગાવો
(ગ) ડમ્પિંગ (ઘ) ડિવેલ્યુએશન

(૧૫) 'ઈન્ટરપોલ' શું છે?
(ક) આંતરરાષ્ટ્રીય ચૂંટણી
(ખ) આંતરરાજય ચૂંટણી પરિણામ
(ગ) આંતરરાષ્ટ્રીય અદાલત
(ઘ) આતંરરાષ્ટ્રીય પોલીસ સંસ્થા

(૧૬) બુધ્ધિઆંક માટે પ્રયોજાતા સંક્ષેપાક્ષર **I.Q.** કયાં શબ્દોનો બનેલો છે?
(ક) ઈન્ટેલિજન્ટ ક્વેશ્ચન્સ
(ખ) ઈન્ટેલિજન્સ ક્વોશન્ટ
(ગ) ઈન્ટરનેશનલ ક્વોશન્ટ
(ઘ) ઈન્ફરમેટીવ ક્વેશ્ચન્સ

(૧૭) કેન્દ્રિય જાહેર સેવા આયોગના સભ્યની નિવૃત્તિ વય મર્યાદા કેટલા વર્ષની હો છે?
(ક) ૫૮ વર્ષ (ખ) ૬૦ વર્ષ
(ગ) ૬૨ વર્ષ (ઘ) ૬૫ વર્ષ

(૧૮) ૧૦થી ૧૨ વર્ષના બાળકની દૈનિક જરૂરિયાત કેટલા કૅલરીની હોય છે?
(ક) ૨૦૦૦ (ખ) ૩૨૦૦
(ગ) ૨૨૦૦ (ઘ) ૧૮૦૦

(૧૯) રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન કઈ તારીખે ઉજવાય છે?
(ક) ૧૦ ડિસેમ્બર (ખ) ૧૪ ડિસેમ્બર
(ગ) ૩૦ ડિસેમ્બર (ઘ) ૨૪ ડિસેમ્બર

(૨૦) 'વિશ્વ એઈડ્ઝ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે?
(ક) ૧૦ નવેમ્બર (ખ) ૩૧ ડિસેમ્બર
(ગ) ૧ ડિસેમ્બર (ઘ) ૧૫ ડિસેમ્બર

(૨૧) 'સ્વપ્ન સુંદરી' કયા નૃત્ય સાથે સંકળાયેલી છે?
(ક) કુચીપુડી (ખ) કથકલી
(ગ) ઑડિસી (ઘ) મણિપુરી

(૨૨) સોનાનો રૂપિયો કયા દેશનું રાષ્ટ્ર ચિહ્ન છે?
(ક) યુ.એસ. ખ) ભારત
(ગ) યુ.એસ.એ. (ઘ) યુ.કે.

(૨૩) નીચેનામાંથી કોને 'સફેદ ક્રાંતિના પિતા' કહેવામાં આવ્યાં છે?
(ક) એન.આર. ક્રિષ્નન્ (ખ) કે. આર. ખન્ના
(ગ) એ. આર. કુરિયન (ઘ) વી. કુરિયન

(૨૪) 'ચાંચમાં તલવાર સાથેનું કબૂતર' એ શાંનુ પ્રતીક છે?
(ક) યુધ્ધનું
(ખ) પ્રેમ અને શાંતિનું
(ગ) સલામતીનું
(ઘ) યુધ્ધ અંતે શાંતિનું જાપાનીઝ પ્રતીક

(૨૫) મોટી ઉંમરની વ્યક્તિ બહુ મોંઘી ભેટસોદાગો કોઇ યુવાન સ્ત્રીને આપે તેને કયા નામે ઓળખવામાં આવે છે?
(ક) સુગરકીલ
(ખ) રોબોટ ડેડી
(ગ) સુગર ડેડી (ઘ) ગોલ્ડી ડેડી

**ઉત્તરો :**

(૧) ઘ (૨) ગ (૩) ક (૪) ખ (૫) ગ (૬) ઘ (૭) ઘ (૮) ઘ (૯) ક (૧૦) ગ (૧૧) ક (૧૨) ઘ (૧૩) ખ (૧૪) ગ (૧૫) ઘ (૧૬) ખ (૧૭) ઘ (૧૮) ક (૧૯) ખ (૨૦) ગ (૨૧) ક (૨૨) ગ (૨૩) ઘ (૨૪) ઘ (૨૫) ગ

(ક્રમશઃ)

- **રૂપલ એચ. શાહ,** (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર